સે. ૭માં વિદેશી દારૂની બોટલો સાથે મોડીરાત્રે બે ઝડપાયા

સરકારી ક્વાર્ટરના ઝાડી વિસ્તારમાં ૨૯ બોટલો સાથે પોલીસે પકડ્યા

ગાંધીનગર, તા. ૧૭

સે. ૭માં સરકારી ક્વાર્ટરના ઝાડી વિસ્તારમાં વિદેશી દારૂની ૨૯ નંગ બોટલો સાથે પોલીસે બે શખ્સોને ઝડપી લીધા છે.

ગત મોડીરાત્રિના સમયે સે. ૭માં સ્થિત સરકારી આવાસના વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ દરમિયાન વિદેશી દારૂની બોટલો સાથે બે ઈસમોને ઝડપી લેવાયા છે. સે. ૭ પોલીસે સરકારી ક્વાર્ટરના ઝાડી વિસ્તારમાંથી કોલવડાના સંજય ભગતજી ઠાકોરે તેમજ સે. ૧૭માં બ્લોક નં. ૯૯/૧માં રહેતા સુનીલ ગાંડાજી પ્રમાતિને દારૂની બોટલોના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે આ બન્ને શખ્સો પાસેથી વિદેશી દારૂની ૨૯ બોટલો સાથે રૂ. ૧૩,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે સે. ૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બોરકુવા પર જુગાર રમતા સાત ઝડપાયા ૧૨.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત

ધમાસણા-નારદીપુર માર્ગ પર સ્થિત ખુલ્લા બોરકૂવા પર જુગાર રમાતો હતો : ચાંદખેડાનો એક આરોપી નાસી છૂટ્યો

ગાંધીનગર, તા. ૧૭

એલ.સી.બી. પોલીસે ધમાસણા-નારદીપુર માર્ગ પર સ્થિત બોરકૂવા પર ખુલ્લામાં જુગાર રમતા ૭ ઈસમોને ઝડપી લઈ રોકડ સહિત કુલ રૂ. ૧૨.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી. ના પોલીસ ઈન્સ્પેકટર એમ.જે. સોલંકીએ ગઈકાલે સાંજે કલોલ તાલુકામાં સ્થિત ધમાસણા-નારદીપુર માર્ગ પર સ્થિત ખુલ્લા બોરકૂવા પર રેઈડ કરી હતી. ગાંધીનગર એલ.સી.બી. સ્ટાફની રેઈડ દરમિયાન સ્થળ પર જુગાર રમતા રત્ના માલજીભાઈ દેસાઈ, રાજ વિનોદભાઈ શાહ, બળદેવ પુંજાજી ઠાકોર, હર્ષદ મહેશભાઈ રાજપૂત, કીશોર જુગાજી ઠાકોર, અશોક શાંતિલાલ સહિત (તમામ રહે સાબરમતી અમદાવાદ) તેમજ સરઢવના વરસંગજી સોમાજી ઠાકોર સહિત સાત ઈસમોને ઝડપી લીધા હતા. આ દરમિયાન ચાંદખેડાનો બિપિન પ્રહલાદભાઈ નાયર ભાગી છૂટ્યો હતો. પોલીસે રેઈડ દરમિયાન જુગારના જગ્યાએથી રૂ. ૮૭હજાર ૪૦૦ રોકડા ઉપરાંત એક આઈ-૨૦ અને વરનાકાર તેમજ એક બાઈક અને ૬ મોબાઈલ સાથે કુલ રૂ. ૧૨.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જુગારના સ્થળેથી ફરાર આરોપીને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ મામલે કલોલ તાલુકા પોલીસમથકે ગુનો નોંધાયો છે.

પાટનગરની શહેરી બસ સેવાનું ઘ- રોડ પ્રત્યે ઓરમાયુ વર્તન, બસો પણ ખખડધજ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં ચાલતી શહેરી બસ સેવા વીટકોસનું ઘ- રોડ પ્રત્યે ઓરમાયુ વર્તન શહેરીજનોમાં આઘાતની લાગણી પેદા કરી રહ્યું છે. છાશવારે ઘ- રોડ છે જેમાં સતત ઉપેક્ષા પાત્ર બનતાં આ માર્ગના મુસ્ફરોમાં આક્રોશ ફેલાયો છે તેમજ આ અંગે ઘટતું કરવા મ્યુનિશિયલ કોર્પોરેશનને જાણ કરવા હોવાનું જાણવા મળેલ છે.

શહેરી બસ સેવા વીટકોસ ગાંધીનગર તેમજ આજુબાજુના ગામોમાં સેવા આપી સારી એવી નામના મેળવી છે. છતાં પણ વહીવટતંત્રની કચાશના કારણે બદનામી વ્હોરવી પડી રહી છે. ખખડધજ અને કિલોમીટર પૂરા થઈ ગયેલી બસોને પાટનગરના રહીશોએ મજબૂરીથી સ્વીકારી છે તેનો ગેરફાયદો ઉઠાવી તંત્ર દ્વારા મનફાવે તેવા નિર્ણયો લઈ મુસાફરોને બાનમાં રાખે છે.

હરહંમેશ મલાઈદાર માર્ગ એવા ચ- રોડ અક્ષરધામ માર્ગને મહત્વ આપતું વીટકોસ તંત્ર ઘ- રોડને દુશ્મન ગણી રહ્યું હોય તેમ એકાદ બે રૂટ આપી સંતોષ માની રહ્યું છે. ચિલોડા જવા માટે શરૂ કરાયેલા આદીવાડા રૂટ ઉપરની બસો તદ્દન અનિયમિત અને અમુક દિવસે આવતી જ ન હોવાની મુસાફરોમાં બુમ ઉઠવા પામી છે.

દર રવિવારે અને રજાના દિવસે ઘ- રોડ ઉપરની ચિલોડા બસ સેવા બંધ કરી દેવામાં આવે છે જ્યારે મલાઈદાર ચ-રોડ ચિલોડા બસ સેવા જરૂર ન હોય તો પણ ઉપરા- છાપરી દોડાવવામાં આવે છે. વહીવટ તંત્ર દ્વારા સતત ઘ- રોડ- ચિલોડા પ્રત્યે ઓરમાયા વર્તનથી વાઝ આવી ગયેલા મુસાફરોએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવા સહી ઝુંબેશ ચલાવી રહ્યા છે.

ચ- રોડ- ચિલોડા માર્ગ ઉપર દર દસ મિનિટે બસ સેવા પૂરી પાડતું તંત્ર ઘ-રોડ ચિલોડા માર્ગ ઉપર દર નેવું મિનીટે બસ સેવા અપાય છે. નાણાં કમાઈ લેવાની લાલચમાં મૂળભૂત હેતુનો છેદ ઉડાડતું વહીવટીતંત્ર આ બાબતે યોગ્ય નિર્ણય લઈ ઘ-રોડ ચિલોડાને વધુ બસ સેવા પૂરી પાડે તે ઈચ્છનીય બન્યુ છે. અન્યથા મુસાફરો જન- આંદોલન થકી વહીવટીતંત્રની આંખ ઉગાડશે તે સંજોગો ઉપરથી લાગી રહ્યું છે.

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સે. ૨૧માં ભક્તિ સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગવૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખા તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુક્ત ઉપક્રમે સુર, સંગીત અને સ્વરના ત્રિવેણી સંગમરૂપી માધ્યમથી કાર્યાન્વીત થનાર એક ભક્તિસંધ્યાનો કાર્યક્રમ તા. ૫મી ઓગષ્ટ-૨૦૧૨ને રવિવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. જેમાં વૈષ્ણવ ભાઈ-બહેનો ભાગ લઈને જોડાઈ શકશે.

ગાંધીનગરના સેક્ટર-૨૧ની શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે યોજાનાર ભક્તિ સંધ્યાના કાર્યક્રમમાં જોડાવા માટે વૈષ્ણવ ભાઈ-બહેનોને ભાગ લેવા પરિષદ દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જે વૈષ્ણવ બંધુએ ભાગ લેવો હોય તેમણે પોતાની કૃતિ (ભજન-કીર્તન-ધોળ) સફેદ કાગળ પર સુવાચ્ય અક્ષરે લખીને તા. ૨૫મી જૂન-૨૦૧૨ સુધીમાં, હવેલી મંદિરના કાર્યાલયમાં આપી જવા જણાવ્યું છે. કૃતિ સાથે ઉમેદવારે પોતાનું નામ, સરનામું અને ટેલિફોન નંબર ફરજીયાત લખવાનો રહેશે. ભાગ લેનારે પોતાની કૃતિ માટેની પ્રેક્ટીસ કરવા મંદિરમાં બે વાર અવશ્ય આવવાનું રહેશે.

છેલ્લા એક દાયકાથી ખૂબ જ ઉત્તમ કક્ષાએ વરણી પામેલા ભાઈ-બહેનો તેમજ કેટલાક સંગીત પ્રેમી વૈષ્ણવો તરફથી કીર્તન, ધોળ અને ભજનોનો કાર્યક્રમ યોજાશે. સમગ્ર કાર્યક્રમનું રસપાન કરવા ગાંધીનગરમાં વસતા સર્વે વૈષ્ણવોને તેમજ અન્ય સર્વે ભક્તિ સંગીતમાં રસ ધરાવનાર ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અપના બજારની વાર્ષિક સાધારણ સભા યોજાઈ : કર્મચારીઓને ૩૩ ટકા બોનસ

ગાંધીનગર, તા.૧૭

ધી અમદાવાદ કો.ઓ. ડિપાર્ટમેન્ટ સ્ટોર્સ અપના બજારની ૪૭મી વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે પરેશભાઈ દાણીના અધ્યક્ષ સ્થાને મળી હતી. સંસ્થાના ડિરેકટરો, સભ્યો, સભ્ય મંડળીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

પરેશભાઈ પી. દાણીએ સંસ્થાનો અહેવાલ રજૂ કર્યો હતો. અપનાબજાર એ સહકારી કાયદા હેઠળ રજીસ્ટર્ડ થયેલ સ્ટોકર્સ ગાંધીનગર સહિત કુલ ૯ શાખાઓ છે. સંસ્થા તરફથી ગેસ વિતરણની એજન્સી પણ છે. અમદાવાદ-ગાંધીનગરની શાખાઓમાં ટોરેન્ટ પાવરના વીજળી બીલો, ટેલિફોન બીલો સ્વીકારવામાં પણ આવે છે. વી.એસ. હોસ્પિટલના દરવાજા પાસે ૨૪ કલાક દવાનું વેચાણ કરવામાં આવે છે. આ બધી પ્રવૃતિના કારણે રૂા. ૫૪ લાખ ૫૬ હજાર નફો થવા પામેલ છે. જેનો શ્રેય સંસ્થાના ચેરમેન પરેશભાઈ દાણીને ફાળે જાય છે. ગાંધીનગરની સેકટર-૭ તથા ૨૧ની શાખા અદ્યતન વાતાનુકુલિત બનાવતાં ગ્રાહકોનો પ્રતિસાદ સારો મળ્યો છે.

સંસ્થામાં ફરજ બજાવતાં કર્મચારીઓને ૨૦૧૧-૧૨ના નવા વર્ષનું ૩૩ ટકા બોનસ તથા બેઝીક પગારમાં ૧૦ ટકાનો વધારો મંજૂર કરેલ છે. મિટીંગના અંતે સંસ્થાના વાઈસ ચેરમેન જયંતિભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરના હોદ્દેદારોની વરણી

ભારત વિકાસ પરિષદ ગાંધીનગરની તાજેતરમાં એક સામાન્ય બેઠક યોજાઈ હતી જેમાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ભારત વિકાસ પરિષદના પ્રમુખ તરીકે ધર્મેન્દ્રભાઈ પંડ્યા, ઉપપ્રમુખ તરીકે ડૉ. રાજુલભાઈ જોશી, ચંદ્રકાન્તભાઈ રાવલ, સેક્રેટરી તરીકે મેઘાવી વઘાસિયા, જોઈન્ટ સેક્રેટરી તરીકે મોનાબેન જોશી, ભરત સોમાણી, ખજાનચી તરીકે શૈલેષ ખરાડી, મહિલા સંયોજક તરીકે મણીબેન દેસાઈ, કારોબારી સભ્યો તરીકે વર્ષાબેન પંડ્યા, ગીતાબેન જેટલી, નરેન્દ્રભાઈ પટેલ, મુકેશ રાવલ, બિપીન ઉપાધ્યાય, અચ્ચિન શાહ, ડૉ. પ્રશાંત પાંરલોટીયા, હેમંત સુથાર, રામકિશોર પસારી, મુકેશ શુકલા, પારૂલબેન ઉપાધ્યાય અને કે.આર. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબ ઓફ ગાંધીનગરના ચૂંટાયેલા પ્રમુખોનો સત્કાર સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

લાયન્સ, લાયોનેસ અને લીઓ કલબ ઓફ ગાંધીનગરના ચૂંટાયેલા પ્રમુખોનો સત્કાર સમારંભ તા. ૨૧મી જૂન ૨૦૧૨ના રોજ સાંજે ૭ કલાકે બ્રહ્માણી કૃપા મેમોરીઅલ હોલ, ગેટ નં.૧, ફાર્મસી કોલેજ, ઘ-૬, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ અનિલ જૈસિંઘાની, લીયોનેસ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ઉષા ગજ્જર અને લીઓ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ પદ્મસિંહ ચૌહાણ અને વર્ષ ૨૦૧૨-૧૩ના બોર્ડ ઓફ ડાયરેકટરને સન્માનીત કરવાનો સન્માન સમારંભ તા. ૨૧મી જૂન ૨૦૧૨ના રોજ યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે સિંધી પંચાયત, ગાંધીનગરના પ્રમુખ લાલચંદ ગોપલાની અને લાયન નિમેશ રાવલ, લીયોનેશ ચંદા યાદવ અને લીઓ સાવન મહેતા ખાસ ઉપસ્થિત રહેશે.

સખી ખરી પણ હવે નાની બેન બની છે

સંબંધ સજાવે જિંદગી

સહોદર સમી સહિયર

- કુંદન દવે
gsrelation@yahoo.com

હિન્દીમાં એક શેર છે :

કુછ હમ હસ કે સીખાતે હૈં,
ના કુછ હમ રો કે સીખતે હૈં;
જો થોડા કુછ ભી સીખતે હૈં,
કિસી કે હોકે સીખતે હૈં!

ખરેખર સૌહાર્દનો તપ્ત સોનેરી સૂરજ જેની આંખોમાં નૂર બની ઊભરાય છે ત્યારે તે સામેની વ્યક્તિ આપોઆપ મિત્ર બની જાય છે. સમાન ભાવવાહી વિચારો અન્યને મદદરૂપ થવાની ભાવના અને કંઈક જતું કરવાની આવડત વ્યક્તિને વ્યક્તિ તરફ ખેંચે છે એ જ માંગલ્ય છે.

૧૯૭૦ના જૂનની ૧૭મી તારીખે સેંન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોથી ખચાખચ ભરી હતી. ઓધવજી કાકા એવા શખ્સ હતા કે તેમના એક કહેણથી બહાર ઊભેલા શિક્ષકો ઑફિસની બાજુમાં આવેલા એક ખંડમાં ભેગા થયા. ફાધર ગોમ્સ પધાર્યા. પછી અમને વ્યક્તિગત મળ્યા. રાજી થઈ ઑફિસમાં પાછા જતા રહ્યા. બાકી અમે ઊભેલા શિક્ષકો એકબીજાને મળવા માંડ્યા. મેં ઉષાબેન સામે જઈ હસી તેમની સાથે હાથ મિલાવ્યો. અને મારો પરિચય આપ્યો, હું કુંદન દવે. સ્પે. હિન્દી વિષય, જ્ઞાનયજ્ઞ ગર્લ્સ હાઈસ્કૂલમાં ૧૦ વર્ષ નોકરી કરી અહીં આવી છું. ઉષાબેને પણ પોતાનો પરિચય આપ્યો, હું ઊષાબેન બુચ, લૉ સોસાયટીમાં ૧૦ વર્ષ નોકરી કરી. મારા બાળકો સીએનમાં ભણતા હતા. હવે એમને અહીં ભણાવીશું.

પ્રાથમિક વાતો કેટલી હોય? અમે બંને બેનોએ એકબીજાના હાથ તે દિવસથી પકડ્યા હતા, આજે પણ એમ જ છે, છૂટ્યા નથી.

જેમ ઈશ્વરની આરાધના માટે સાંનિધ્ય, સામિપ્ય અને સાયુજ્ય જરૂરી છે તેવી જ રીતે મિત્રતા ટકાવવા આ ત્રણે અદ્‌ભૂત ગુણો જરૂરી છે. સાંસારિક બંધનો કોને નથી નડતા? ભલભલા ભૂપ પણ તેનાથી ત્રસ્ત છે, તો આપણે વળી કોણ? છતાં અમારા બંનેને જે જે કષ્ટો, વિઘ્નો કે હેરાનગતિ આવી એનો અમે એકબીજા સાથે વાર્તાલાપ કરતા, તેનો હલ કાઢવા પ્રયત્ન કરતા અને તેનો સુખદ્ ઉકેલ મળે એટલે એકબીજાને વળગી ખુશી વ્યક્ત કરતા.

અનિલભાઈની લાંબી માંદગી, તેમનું મૃત્યુ અને તે પછીની કૌટુંબિક સમસ્યાનો ઉકેલ જે રીતે કર્યો તે ખરેખર માન ઉપજે તેવું હતું.

મારા પતિ દવેની માંદગી પણ ત્રણ મહિના ચાલી. ઉષાબેન અચૂક ખબર કાઢવા આવે. એમને પરાણે કંઈ ને કંઈ પીવડાવવા અમને કહે. ઉષાબેન કહે તે દવે માન્ય રાખતા પણ ખરા. તેમના મૃત્યુ વખતે મારી પાસે નાની બેનની જેમ બેસી રહ્યા. મને સાંત્વના આપતા રહ્યા.

જે આંખોમાં અન્યને માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય છે એ તરત ઓળખાઈ જાય. જ્યાં સ્વાર્થનાં પડળ ન હોય, મારા-તારાનો ભેદ ન હોય અને હૃદયના ભાવો જોડાયેલા હોય ત્યાં સંબંધને શું નામ આપવું?

મારી માંદગી વિચિત્ર. 'સુગર ડાઉન' શરીરની બધી જ શક્તિ હણાઈ ગઈ. મારી પુત્રવધૂને ઉષાબેન મને શું આપવું, કેટલું આપવું એ પણ સમજાવે. પૂરા છ મહિને એ માંદગીએ કેડો મૂક્યો. પણ ઉષાબેન એક દિવસ આવવું ચૂક્યા નહીં. અમે સ્તોત્ર, ભજન, ગીત, કવિતા જે યાદ આવે તે બોલીએ અને અમારો સમય સારી રીતે પસાર કરીએ.

હું મારા હિન્દી પરીક્ષાનાં ફોર્મ માટે ખાસ રિશેપમાં જ દોડાદોડમાં હોઉં, ત્યારે ઉષાબેન ખાસ નાસ્તો લીધા વિના બેઠા હોય, મારી રાહ જુએ અને કામવાળીને ખાસ સૂચના આપી હોય કે મિત્રને પ્રેમ આપજો?

આ બધું નસીબને જોરે મને મળ્યું છે. એ જ નસીબે ઉષાબેન જેવા મિત્ર આપ્યા છે. જે મારા

કુંદનબેન માટે ચ્હા લાવજે, સફરજન લાવજે, આ લાવજે, તે લાવજે વગેરે. મારી કેટલી સંભાળ રાખી છે તે મારું મન જ જાણે છે!

વાદળીને કહેવાનું હોય કે હવે તારે
વરસવાનું છે?
મોરલાને કહેવાનું હોય કે તારે હવે
ગહેકવાનું છે?
ફૂલડાને કહેવાનું હોય કે તમે
સૌરભ પ્રસરાવો?

એમ ઉષાબેનને કહેવાનું હોય ઘરના વ્યક્તિ બની ગયા છે. હું હજી એમના જેટલું એમને માટે નથી કરી શકી, તેનો મને રંજ છે, પણ ઈશ્વર માની જશે, શરીર સાથ આપશે તો ઉષાબેન માટે બધું જ કરી છૂટવાની તૈયારી છે.

આત્મીયતાની અનેરી ઓળખ છે, પુણ્ય કાર્યની પ્રખર પરખ છે. આટલું બસ છે અમારે માટે! પ્રભુ, આ મૈત્રી અમીટ, આનંદપ્રદ અને અમુલખ બની રહે એ જ અભ્યર્થના!

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૬

તાપમાન

મહત્તમ : ૩૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૯ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ફરારી કી સવારી : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ : ફરારી કી સવારી : ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૦૦
રાઉડી રાઠોડ : ૧.૧૫, ૪.૦૦
ફરારી કી સવારી : ૬.૪૫, ૯.૩૦
સ્ક્રીન-૪ : પીરાન્હા ૨ડી (હિન્દી) : ૧૧ , ૧ ,૫.૩૦, ૧૦.૧૫
શાંઘાઈ : ૩.૦૦
ફરારી કી સવારી : ૬.૩૦
રાઉડી રાઠોડ : ૭.૩૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ : પીરાન્હા ૩ડી (હિન્દી) : ૧૦.૩૦, ૯.૦૦
પ્રોમેથિયસ ૩ડી(હિન્દી) : ૧૨.૧૫, ૪.૩૦,
શાંઘાઈ : ૬.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૨ :
ફરારી કી સવારી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૪૫
ફરારી કી સવારી : ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ધ સુપર હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

વૃષભ : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

મિથુન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. સગા- સ્નેહીજનો સાથે મળવાનું થઈ શકે છે.

કન્યા : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

તુલા : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

વૃશ્ચિક : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

કુંભ : મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

ચિરવિદાય

- સ્વ. ભવાનજી પ્રતાપજી વાઘેલા (ઉ.વ. ૭૦) મુ.પો. નવા પીપળજ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાશીબા મનુજી મકવાણા (ઉ.વ. ૫૩) મકવાણા વાસ મુ.પો. આદીવાડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શામળજી તખુજી બિહોલા (ઉ.વ. ૫૫) દરબાર વાસ મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નર્મદાબેન જીતુભાઈ મારવાડી (ઉ.વ. ૩૭) સેકટર-૧૪ કાચા છાપરાં, ગાંધીનગર.